**<u>આંક–૧૪ અને આંક–૨૧ ની અરજી લગત સંયુકત હુકમ</u>**

(૧) આ અરજીઓ અરજદાર તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે,આંક–૧૪ અને ૨૧ ની અરજી માં સ્ત્રીધન ની વસ્તુઓ પરત મેળવવા માટે તેમજ આંક–૨૧ ની અરજીમાં સ્ત્રીધન ઉપરાંત સામાવાળા નો પાસપોર્ટ જમા લેવા બાબતે આપેલ છે.આ અરજી વિરૂધ્ધ સામાવાળા તરફે આંક–૨૨ થી જવાબ રજુ રાખેલ છે. આ ઉપરાંત અરજદાર તરફે આંક–૪૦ થી દલીલ અને આંક–૪૧ થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે.અરજી અન્વયે અરજદાર તેમજ સામાવાળા તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) અરજદાર તરફે હાલ ની અરજી ધી પ્રોટકેશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની જોગવાઈઓ મુજબ દાખલ કરેલ છે. હાલ આ કેસ અરજદારના પુરાવા માટે છે અને અરજદાર તરફે આંક–૦૯ થી સરતપાસ રજુ રાખેલ છે જેની ઉલટ તપાસ બાકી છે. આ કેસમાં હાલની અરજી રજુ થતા અગાઉ અરજદારની સરતપાસ રજુ થઇ ગયેલ છે. આ કેસ માં અરજદાર અને સામાવાળા નં.૧ ના મીલકત અને જવાબદારી નુ સોગંદનામુ આંક–૭ અને ૨૪ થી રજુ થયેલ છે અને તેના કોલમ નં. જી(૭) માં સ્ત્રીધન ની વસ્તુઓ બાબતે કોઈ હકીકત જણાવેલ નથી.આ તબક્કે એ નોંધવુ જરૂરી છે કે,આ અરજી ની હકીકતો તેમજ કેસનુ રેકર્ડ લક્ષ માં લેતા, આ અરજી ના વિષય વસ્તુ અંગે ની તકરારો માત્ર પુરાવો નોંધ્યા બાદ નિર્ણીત થઇ શકે તેમ છે. વધુમાં, હાલ પુરાવાનો તબકકો ચાલુ હોય અને અરજદારની સરતપાસ રજુ થઇ ગયેલ હોય, આ અરજી નો નિર્ણય પુરાવો નોંધ્યા બાદ જ થઇ શકે તેમ છે.આથી,આંક–૧૪ અને ૨૧ માં જણાવેલ સ્ત્રીધન ની વસ્તુઓ પરત મેળવવા અંગે ની તકરારોનો નિર્ણય બંને પક્ષકારોનો પુરાવો નોંધ્યા બાદ જ થઇ શકે તેમ છે. આ ઉપરાંત હાલ ના પ્રોસીંડીંગ્સ કવોસી સીવીલ અને કવોસી ક્રીમીનલ હોય,આ કેસમાં તેમજ કાયદા ના સ્થાપિત સીધ્ધાંતો મુજબ,પાસપોર્ટ જમા લઇ શકાય નહી,તેમ ઠરાવવામાં આવે છે.

// આખરી હુકમ //

આથી,આંક–૧૪ અને આંક–૨૧ ની સ્ત્રીધન ની વસ્તુઓ પરત મેળવવા અંગે ની દાદ નો નિર્ણય આંક–૧ ની મુળ અરજી સાથે કરવાનુ ઠરાવવામાં આવે છે.આ ઉપરાંત આંક–૨૧ ની પાસપોર્ટ જપ્ત કરવા ની અરજ નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ ની એક નકલ આંક–૨૧ સાથે રાખવી.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી
અમદાવાદ
Code : GJ00956